# ‘ડ્રગ્સ’ના વિરોધ સામે ટીંગાટોળી

**ભરૂચમાં** પોલીસ-NSUIના કાર્યકરો વચ્ચે ઘર્ષણ

**વિદ્યાર્થી** નેતાઓનાં કપડાં ફાટી ગયાં






ભરૂચ: ભરૂચમાં ડ્રગ્સવિરોધી રેલી દરમિયાન પોલીસ અને NSUIના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. રેલીની પૂર્વ પરવાનગી ન હોવાથી પોલીસે આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી હતી. આ ઘર્ષણ દરમિયાન કેટલાક કાર્યકરોનાં કપડાં ફાટી ગયાનાં દૃશ્યો પણ સર્જાયાં હતાં.

ડ્રગ્સવિરોધી રેલીનું આયોજન કરાયું હતું. ભરૂચ જિલ્લામાં યુવાધનને નશાની લતમાં ધકેલતા ડ્રગ્સ અને અન્ય નશીલા પદાર્થોના કારોબાર સામે સખત કાર્યવાહી કરવાની માંગ સાથે ભરૂચ જિલ્લા NSUI દ્વારા આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. NSUIએ ગુજરાતમાં ‘ઊડતું ગુજરાત’ જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી હોવાનો આક્ષેપ કર્યો હતો અને ખાસ કરીને ઔદ્યોગિક ભરૂચ જિલ્લામાં ડ્રગ્સ માફિયાઓની સક્રિયતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું વહીવટી તંત્ર દ્વારા રેલીને પરવાનગી આપવામાં આવી ન હોવા છતાં NSUI દ્વારા રેલી આગળ વધારવામાં આવી હતી. રેલી રોટરી ક્લબ પાસે પહોંચતા જ આયોજકો જાહેર માર્ગ પર બેસી ગયા હતા, જેના કારણે પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. આ ઘર્ષણમાં અનેક કાર્યકરોનાં કપડાં પણ ફાટી ગયાં હતાં, જેનાથી પરિસ્થિતિ તંગ બની હતી. પોલીસે તમામ આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી તેમને ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.

નરેન્દ્ર સોલંકી અંગે ગુજરાત NSUIના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દિવસ ને દિવસે ડ્રગ્સ, ગાંજા અને દારૂનું પ્રમાણ સતત વધતું જઈ રહ્યું છે, જેના કારણે રાજ્યની યુવા પેઢી બરબાદ થવાની કગાર પર છે. આ ગંભીર મુદ્દા સામે ગુજરાત સરકાર તરફથી કોઈ અસરકારક અંકુશ કે કડક કાર્યવાહી જોવા મળતી નથી અને ખુલ્લેઆમ નશાનો વેપાર ચાલી રહ્યો છે. આ રેલીમાં ગુજરાત NSUIના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, ભરૂચ જિલ્લા NSUI પ્રમુખ યુવરાજસિંહ ચૌહાણ, ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા અને યૂથ કોંગ્રેસના આગેવાન શેરખાન પઠાણ સહિત અનેક કાર્યકરો જોડાયા હતા.



# બારડોલી નગરનું ફાયર સ્ટેશન પોતે જ બન્યું ‘ઇમરજન્સી’!

**રામજી** મંદિર સામેનું જર્જરિત ફાયર સ્ટેશન જોખમી

બારડોલી: બારડોલી નગરપાલિકા વિસ્તારમાં આવેલું જૂનું ફાયર સ્ટેશનનું મકાન હાલમાં અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઇ ગયું છે. રામજી મંદિરની બિલકુલ સામે આવેલી આ સરકારી ઈમારત કોઈપણ ક્ષણે ધરાશાયી થઈ શકે તેમ છે, છતાં તંત્ર દ્વારા આ જોખમી મકાનને હટાવવાની દિશામાં કોઈ પણ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ મકાન નગરના મુખ્ય અને અત્યંત વ્યસ્ત માર્ગ પર આવેલું છે. દરરોજ અહીંથી હજારો રાહદારીઓ અને વાહનચાલકો પસાર થાય છે. એટલું જ નહીં આજુબાજુમાં રહેણાક વિસ્તાર હોય નાનાં બાળકો પણ રમતાં હોય છે. ઈમારતની હાલત એટલી ખરાબ છે કે તેની ગેલેરીના સ્લેબના ટુકડા અવારનવાર તૂટીને નીચે રસ્તા પર પડી રહ્યા છે.

જો કોઈ મોટો ટુકડો પસાર થતા વાહનચાલક કે નિર્દોષ નાગરિક પર પડે, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા છે. નગરપાલિકાની નિષ્ક્રિયતાની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળે છે. જ્યારે આ જર્જરિત મકાનની ગેલેરી અને દીવાલોમાં મોટા ઝાડ ઊગી નીકળ્યા છે. વર્ષોથી આ ઈમારતની ઉપેક્ષા કરવામાં આવી રહી હોવાનું સ્પષ્ટ દેખાઈ આવે છે. ઝાડનાં મૂળિયાં દીવાલોમાં ઊંડે સુધી ઊતરી જવાથી મકાન વધુ નબળું પડ્યું છે, જે દુર્ઘટનાને ખુલ્લું આમંત્રણ આપી રહ્યું છે.

જે ડિપાર્ટમેન્ટ જર્જરિત મકાનો ઉતારવા માટે મિલકત ધારકોને નોટિસ ફટકારતું હોય એ જ વિભાગનું મકાન જર્જરિત થઈ ગયું છે. વર્ષોથી બંધ પડેલા આ મકાનને જો સમયસર ઉતારવામાં નહીં આવે તો મોટી દુર્ઘટના સર્જાય શકે એમ છે. ત્યારે જવાબદાર અધિકારીઓ આ બાબતે યોગ્ય ધ્યાન આપી આ મકાનને દૂર કરી અહીં કોઈ વ્યવસ્થિત સુવિધા ઊભી કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

# ડેડિયાપાડામાં શ્રમિકને મારનાર બે વન વોચમેન સામે ફરિયાદ

**SP** અને DFO કચેરીને ઘેરવાની ચીમકી બાદ પોલીસ એક્શનમાં

ડેડિયાપાડા, ભરૂચ: ડેડિયાપાડા તાલુકાના જંગલ વિસ્તારમાં વાંસ કાપવા ગયેલા નિર્દોષ આદિવાસી શ્રમિકો પર વન વિભાગના કર્મચારીઓએ કરેલા અત્યાચારના મામલે મોટો વળાંક આવ્યો છે. ગઈકાલે આ હિંસક ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવતાં ચીમકી ઉચ્ચારી હતી કે જો દોષિત વનકર્મીઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેઓ જિલ્લા પોલીસ વડા (SP) અને જિલ્લા વન અધિકારી (DFO)ની કચેરીનો ઘેરાવ કરશે. આ પ્રબળ લોકરોષ અને વિરોધ પ્રદર્શનોના દબાણ હેઠળ આખરે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે અને ડેડિયાપાડા પોલીસે હુમલાખોર બે વન વોચમેન સામે ફરિયાદ નોંધી છે. ઉલ્લેખનીય છે કે ગત તા.30/1/2026ના રોજ રાત્રે આશરે 8 વાગ્યે મુલ્કાપાડા ગામના 45 વર્ષીય રમેશભાઈ હુનીયાભાઈ કોટવાળીયા અને અન્ય શ્રમિકો જંગલમાં હતા ત્યારે અંધારામાં નાસભાગ દરમિયાન તેઓ ખાડામાં પડી ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા રમેશભાઈ પર માનવતા નેવે મૂકીને વન વોચમેન નારસિંગભાઈ વસાવા અને શંકરભાઈ વસાવાએ ગડદાપાટુનો નિર્દયી માર માર્યો હતો. આ ક્રૂરતા સામે લોકોએ એકજૂટ થઈ ન્યાયની માંગ કરી હતી અને જો ન્યાય ન મળે તો ઉગ્ર આંદોલન કરવાની તૈયારી બતાવી હતી. જનતાના આ આક્રોશ અને SP કચેરીના ઘેરાવની ચીમકીને ધ્યાને રાખીને ડેડિયાપાડા પોલીસે ગુનો દાખલ કર્યો છે. આમ, વન વિભાગની કથિત દાદાગીરી સામે શ્રમિકો અને ગ્રામજનોના સંગઠિત અવાજની જીત થઈ છે અને હવે જવાબદારો સામે કેવી કડક સજા થાય છે તેના પર પંથકની જનતાની મીટ મંડાયેલી છે.



# બારડોલીમાં મતદાર યાદી સુધારણામાં ગેરરીતિની શંકા

**કોંગ્રેસે** ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

બારડોલી: બારડોલી વિધાનસભા મત વિસ્તારમાં હાલમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણાની પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ થઈ રહી હોવાના આક્ષેપ સાથે બારડોલી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વહીવટી તંત્રને રજૂઆત કરવામાં આવી છે. આ મુદ્દે કોંગ્રેસના હોદ્દેદારોએ ડેપ્યુટી કલેક્ટર કચેરીએ પહોંચી લેખિતમાં વાંધા અરજીઓ અને સોગંદનામાની નકલની માંગ કરી છે.

તાલુકા કોંગ્રેસ પ્રમુખ ડો.અનુપ વ્યાસ અને પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી તરુણ વાઘેલાએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી ફોર્મ નં.૭ના માધ્યમથી અલગ-અલગ વ્યક્તિઓ દ્વારા જે વાંધા અરજીઓ કરવામાં આવી છે તેમાં મોટી વિસંગતતા જણાય છે. અનેક કિસ્સાઓમાં જે વ્યક્તિઓના નામે વાંધા અરજીઓ રજૂ થઈ છે, તે મૂળ વ્યક્તિઓને આ બાબતની જાણ જ નથી. તંત્ર સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે અમુક લોકોની જાણ બહાર જ તેમના નામે ખોટી રીતે અરજીઓ કરી દેવામાં આવી છે. આ ગંભીર કાવતરાને ખુલ્લું પાડવા માટે જે-તે અસરગ્રસ્ત વ્યક્તિઓએ કલેક્ટર કચેરીમાં સોગંદનામું (એફિડેવિટ) પણ રજૂ કર્યું છે.

ડો.અનુપ વ્યાસ અને તરુણ વાઘેલાએ માંગ કરી છે કે ફોર્મ નં.૭માં આવેલી તમામ અરજીઓની કોપી અને જે લોકોએ અફિડેવિટ કરી આપ્યા છે તેની નકલ કોંગ્રેસ સમિતિને સત્વરે પૂરી પાડવામાં આવે. લોકશાહીના પર્વ સમાન ચૂંટણી પ્રક્રિયામાં મતદારોના નામ ખોટી રીતે કમી ન થાય એ માટે કોંગ્રેસ પક્ષ દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે.

# અંકલેશ્વરમાં વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરની પ્રતીન ચોકડી પાસે બી ડિવિઝન પોલીસે દારૂનો જથ્થો લઈ ડિલિવરી માટે આવેલા હિતેશ હિંમત રાઠોડ (ઉં.વ.25) (રહે., શેરી નં.7, નવી નિશાળ પાસે, કુંભારવાડા, ભાવનગર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન રૂ.7920નો દારૂ મળી અન્ય મુદ્દામાલ સહિત કુલ કિં.રૂ.10560નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝઘડિયા ચાર રસ્તા નજીક દબાણ પર તંત્રનું બુલડોઝર

**સ્ટેચ્યુ** ઓફ યુનિટી માર્ગ પરનાં દબાણો હટાવાયાં

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા ચાર રસ્તા ઉપર છેલ્લાં કેટલાંય વર્ષોથી સરદાર પ્રતિમા ધોરી માર્ગને અડીને ઊભા કરાયેલા કાચા-પાકા લારી-ગલ્લા અને દુકાનોનાં દબાણોને માર્ગ અને મકાન વિભાગની ત્રીજી આખરી નોટિસ બાદ બુલડોઝર વડે તોડી પાડવાની તંત્રએ કાર્યવાહી આરંભી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા અને પ્રવાસન તેમજ ઔદ્યોગિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના એવા અંકલેશ્વર-રાજપીપળા માર્ગ પર ઝઘડિયા ચાર રસ્તા ખાતે આજે પણ તંત્ર દ્વારા મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ છેલ્લાં કેટલાંક વર્ષોથી રોડની બંને બાજુ ખડકાયેલાં ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારમાં રોડની મધ્યથી બંને બાજુ 15-15 મીટર એટલે કે કુલ 30 મીટરની મર્યાદામાં ગેરકાયદે કેબિનો અને લારી-ગલ્લાઓ ઊભા કરી દેવાયા હતા. આ અંગે વિભાગ દ્વારા વર્ષ 2025થી અત્યાર સુધીમાં કુલ 3 વખત નોટિસ ફટકારીને દબાણકર્તાઓને સ્વૈચ્છિક રીતે દબાણો હટાવી લેવા તાકીદ કરવામાં આવી હતી. તેમ છતાં વારંવારની સૂચનાઓનું ઉલ્લંઘન થતા અંતે તંત્રએ ગઈકાલ રાતથી શરૂ થયેલી આ ઝુંબેશ સોમવારે વહેલી સવારથી પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણોને બુલડોઝરની મદદથી જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં છે.

# વાલિયામાં શ્રી વિશ્વકર્મા જયંતી નિમિત્તે શોભાયાત્રા

ભરૂચ: વાલિયામાં પંચાલ યુવા સંગઠન, ભરૂચ જિલ્લાની ટીમ તેમજ સમગ્ર પંચાલ સમાજ, શ્રી વિશ્વકર્મા સમાજ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી નિમિત્તે શોભાયાત્રા સાથે આરતી અને પૂજા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.




# ભરૂચની ઝાડેશ્વર ચોકડી ઉપર ટ્રાફિકજામથી લોકો અકળાયા

ભરૂચ: ભરૂચમાં ઝાડેશ્વર ચોકડી પર સોમવારે સવારે ફરી ટ્રાફિકજામ સર્જાતાં નોકરિયાતો માટે કફોડી હાલત ઊભી થઇ હતી. ઓફિસના સમયે થયેલા આ ટ્રાફિકજામને કારણે અનેક વાહનચાલકો અને દહેજ સ્થિત કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ રસ્તામાં જ થંભી જતાં લોકોમાં નારાજગી જોવા મળી હતી.

ટ્રાફિકજામનું મુખ્ય કારણ આડેધડ પાર્કિંગ અને બિસમાર માર્ગોની હાલત હોવાને કારણે ઊભી થઇ છે. ભરૂચ જિલ્લામાં ચારેકોર ઔદ્યોગિક વિસ્તારમાં નોકરી કરતા કર્મચારીઓને સમયસર કાર્યસ્થળે પહોંચવામાં મુશ્કેલી પડી હતી. ટ્રાફિકજામની જાણ થતાં જ ટ્રાફિક પોલીસના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઝાડેશ્વર ચોકડી પર ટ્રાફિકજામની સમસ્યા હવે રોજિંદી બની ગઈ છે. આનાથી વાહનચાલકો પરેશાન છે. લોકો આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મેરા ગામમાં રૂ.2.51 લાખનો દારૂ ઝડપાયો



ભરૂચ: વાલિયા પોલીસે પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરતા મેરા ગામમાં દરોડો પાડી 2,51,280ની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે લિસ્ટેડ બુટલેગર રમેશ માધુભાઇ વસાવાએ પોતાના ખેતરના શેઢા પર ઝાડીઓમાં દારૂ છુપાવ્યો છે. તપાસ દરમિયાન કુલ 816 નંગ બોટલો મળી આવી હતી. આરોપી રમેશ વસાવા હાલ ફરાર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો છે. ઉલ્લેખનીય છે કે આરોપીનો ગુનાહિત ઇતિહાસ ઘણો લાંબો છે. તેના વિરુદ્ધ વર્ષ-2015થી 2024 દરમિયાન વિવિધ પોલીસ સ્ટેશનોમાં દારૂ અને જુગારના 17 જેટલા ગુના નોંધાયેલા છે.

### નેત્રંગમાં આઉટસોર્સિંગ સ્ટાફને ફરજમુક્ત કરવાના નિર્ણય સામે વિરોધ



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગમાં ૧૫માં નાણાપંચ અને ઇ-ગ્રામ પ્રોજેક્ટ હેઠળ ફરજ બજાવતા આઉટસોર્સિંગ સ્ટાફને ૧ ફેબ્રુઆરીથી છૂટા કરવાના આદેશનો વિરોધ થયો છે. વર્ષોથી ડિજિટલ સેવાઓ અને વહીવટી કામગીરી નિષ્ઠાપૂર્વક કરનાર કર્મચારીઓએ પરિવારના ભવિષ્યની ચિંતા વ્યક્ત કરી છે. ગ્રામીણ સ્તરે કામગીરી ખોરવાય નહીં અને કર્મચારીઓને ન્યાય મળે તે હેતુથી સેવાઓ યથાવત રાખવા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

# ઢોર પકડો ને છોડો, ઉકેલ શૂન્ય!



પ્રવીણ તેરૈયા

**અંકલેશ્વર** નોટિફાઈડ રહેણાક વિસ્તારોમાં રખડતાં પશુઓનો આતંક

**તંત્રની** મર્યાદા, ઢીલાસ અને બેદરકારી સામે જનજીવન અસુરક્ષિત

અંકલેશ્વર: અંકલેશ્વર નોટિફાઈડ એરિયા હેઠળના રહેણાક વિસ્તારોમાં રખડતા પશુઓની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. શહેરના મુખ્ય માર્ગો, સોસાયટીઓ, બજાર વિસ્તારો તેમજ શાળા-કોલેજ આસપાસ ખુલ્લેઆમ ફરતા પશુઓના કારણે સામાન્ય નાગરિકો, ખાસ કરીને રાહદારીઓ અને દ્વિચક્ર વાહનચાલકો માટે રોજિંદું જીવન જોખમભર્યું બન્યુ છે.

અંકલેશ્વર નોટિફાઈડ રહેણાક વિસ્તારમાં તાજેતરના સમયમાં પશુઓ દ્વારા લોકોને અડફેટ લેવાની, ઈજાઓ પહોંચાડવાની તેમજ આખલાઓ સામસામે બાખડવાના અનેક બનાવો નોંધાયા છે. આવા બનાવોમાં વાહનોને નુકસાન થવા સાથે વાહનચાલકો ગંભીર અકસ્માતનો ભોગ બને છે. વ્યસ્ત સમયગાળામાં આ સમસ્યા વધુ ઘાતક બની રહી છે. નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા સમયાંતરે રખડતાં પશુઓને પાંજરે પૂરવાની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ તંત્ર પાસે પશુઓને પકડવા અને રાખવા માટે કોઈ સ્વતંત્ર અને કાયમી વ્યવસ્થા ન હોવાને કારણે ખાનગી ઈજારદારને ઈજારો આપવો પડે છે. દરેક પશુ દીઠ ચારથી પાંચ હજાર રૂપિયા જેટલો ખર્ચ ચૂકવવો પડતો હોવાથી આ કાર્યવાહી મર્યાદિત અને ટૂંકા સમય પૂરતી જ રહી જાય છે. પરિણામે થોડા દિવસોમાં પશુઓ ફરી રસ્તા પર દેખાવા લાગે છે.

વસાહતોમાં પશુપાલકોને ચેતવણીરૂપે નોટિસ બોર્ડ તો મૂકવામાં આવ્યાં છે, પરંતુ તેમાં દર્શાવેલી જોગવાઈ અનુસાર દંડાત્મક પગલાં લેવામાં આવતાં નથી. પરિણામે પશુપાલકોની બેદરકારી અને આડોડાઈ યથાવત રહે છે અને તંત્રની કાર્યવાહી માત્ર કાગળ પર સીમિત હોવાનું ચિત્ર સામે આવે છે.

### કડક કાર્યવાહી અને પશુપાલકોની જવાબદારી નિશ્ચિત કરવાની જરૂરિયાત

આ સાથે સ્થાનિક લોકો દ્વારા રોજેરોજ રસ્તા પર રોટલી આપવાની પ્રથા તેમજ સોસાયટીઓના નાકા પાસે પાણીના હવાડા મૂકવામાં આવતા હોવાથી પશુઓની અવરજવર સતત રહે છે. આ બાબતે તંત્ર કેવી રીતે નિયંત્રણ રાખી શકે તે અંગે પણ મૂંઝવણ અને મર્યાદા સ્પષ્ટ દેખાઈ રહી છે. માનવ સંવેદનશીલતા અને વ્યવસ્થાત્મક અસમર્થતાના સંયોજનના કારણે રહેણાક વિસ્તારોમાં પશુઓનો ત્રાસ સતત વધતો જઈ રહ્યો છે.

સ્થાનિક નાગરિકોમાં ઉગ્ર અસંતોષ જોવા મળી રહ્યો છે. લોકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે, શું કોઈ મોટી જાનહાનિ કે ગંભીર દુર્ઘટના બાદ જ તંત્ર હરકતમાં આવશે? અંકલેશ્વર જેવા ઔદ્યોગિક અને વસતી ભરેલા શહેરમાં જો રખડતાં પશુઓની સમસ્યાનો કાયમી, કડક અને વ્યાવહારિક ઉકેલ નહીં લાવવામાં આવે તો આવનારા સમયમાં સ્થિતિ વધુ વિકટ બનશે તે નિશ્ચિત છે. હવે માત્ર તાત્કાલિક કાર્યવાહી નહીં, પરંતુ દીર્ઘકાલીન આયોજન, કડક અમલ અને જવાબદારી નિશ્ચિત કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

# જૂના બોરભાઠામાં મહિલાની હત્યા કરનારો પ્રેમી ઝડપાયો



અંકલેશ્વર: અંકલેશ્વરના જૂના બોરભાઠા બેટ ગામે લિવ-ઈન રિલેશનમાં રહેતી એક મહિલાની તેના પ્રેમીએ લાકડીના ફટકા મારી હત્યા કરી હતી. એ ડિવિઝન પોલીસે ગણતરીના સમયમાં જ આરોપીની ધરપકડ કરી લીધી છે. મૃતક 45 વર્ષીય જયાબહેન વિનોદભાઈ રાઠોડના પ્રથમ પતિનું અવસાન થયું હતું. આરોપી રામસીંગ વસાવા અવારનવાર લીવ ઈન રિલેશનશિપ રહેતી જયાબહેનના ચરિત્ર પર શંકા કરી ઝઘડા કરતો હતો. ગઈકાલની તકરારમાં જયાબહેન લાકડીનાં ફટકા મારીને હત્યા કરીને ભાગી ગયો હતો. આ બાબતે એ ડિવિઝન પોલીસે ઝડપથી કાર્યવાહી કરી આરોપી રામસિંગ વસાવાની ધરપકડ કરી લીધી છે.

### અંકલેશ્વરમાં ક્રિકેટ સ્પર્ધા

અંકલેશ્વર: અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટિફાઇડ એરિયા ઓથોરિટી દ્વારા પ્રતિ વર્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ એઆઈએ કપ 2026 નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું ડી.એ.આનંદપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રબોધ પટેલ, વિમલ જેઠવા, નિલેશ પટેલ, ભૂપેન્દ્ર પટેલ, ડેનિશ ભૂત સહિતના આગેવાનો તેમજ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૨૫ ટીમે ભાગ લીધો હતો.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૨૬/૨૦૨૫
તા.૦૩/૦૧/૨૦૨૬

વાદી :- રાજુભાઈ મગનભાઈ વસાવા, રહે.મુ.પો.બૌધાન, લાલબીબી કોલોની, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બૌધાન ગ્રુપ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રાજુભાઈ મગનભાઈ વસાવા, રહે.મુ.પો. બૌધાન, લાલબીબી કોલોની, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦એ તેઓના પુત્ર નિતેશભાઈ રાજુભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નિતેશભાઈ રાજુભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૨૦/૦૮/૨૦૦૦ ૩. જન્મનું સ્થળ: મોજે.બૌધાન, તા.અરેઠ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે નિતેશભાઈ રાજુભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જી.સુરત


Milano MULTIPLEX
બારડોલી

Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm

Border 2
11:00am, 01:00pm, 04:00pm, 05:30pm, 08:00pm, 09:30pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333